ॐ

શ્રી સંસાર સેતુ

ઉર્ફે

મહાનપુરૂષોની પ્રસાદી.

જેમાં ભજન પ્રભાતી થાળ આરતી કવિત વગેરેનો સમાસછે.

છપાવી પ્રસીદ્ધ કરનાર

ઠક્કર મકનજી દામજી બુકસેલર વાંકાનેરવાલા.

સદર બજાર-કરાંચી.

દોહરો.

કબીરા કહે કમાલકો દો અક્ષર લીખલે
કર સાહેબકી બંદગી ભુખેકુ કુચ્છ દે

કરાંચી
'મરાઠા' પ્રેસમાં બી. કે. માલવનકરે છાપ્યું.
ઈ. સ. ૧૯૧૩.
કીંમત ચાર આના.

છપાય છે! છપાય છે!!

ભજન ચીંતામણી
અથવા
મહાત્માઓની વાણી.

આ નામનું ભજનનું પુસ્તક થોડા સમયમાં છપાઈ બહાર પડશે જેમાં પ્રાચીન ભગતોના બનાવેલા ભજન પ્રભાતીયા, થાળ, આરતી દોહરા વગેરેનો શમાવેશ થશે જે વાંચવાથી અંતઃકરણમાં ઉચ્ચભાવ પ્રગટ કરી અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરી પરમાત્મા પ્રતેનો ખરો પ્રેમ દરશાવે તેવું છે.

પુસ્તક રોયલ ૧૬ પેજી પૃષ્ટ ૧૩૨નું બનસે ભજન ૨૦૦)નો આશરો થસે છતા અગાઉ ગ્રહાક થનાર પાસેથી માત્ર આના ૬ પાછળ ગ્રહાક થનાર પાસેથી આના ૮ લેવામાં આવસે.

આ પુસ્તક લગભગ એપ્રીલ તા. ૨૫-૪-૧૪ સુધીમાં બહાર પડસે તો જે ગ્રહસ્થને ગ્રહાક થવા વીચાર હોય અગર જાહેર ખબર આપવા વીચાર હોય તો તેમણે પત્ર વહેવાર નીચે શરનામે કરવો નાટપેટ પત્ર લેવામાં આવશે નહી.

બુકસેલર મકનજી દામજી વાંકાનેરવાલા.

સદર બજાર કરાંચી.

ૐ

સંસાર સેતુ

અથવા

મહાન પુરૂષોની પ્રસાદી.

શ્રી પરમાત્માને વંદન.

હે! રામા પુરૂષેતમા નરહરે નારાયણા કેસવા
ગોવિંદ. ગરૂડધ્વજ ગુણ નીધે દામોદરા માધવા
હે! ક્રશન કમલાપતિ યદુપતી સીતાપતિ શ્રીપતિ
વૈકુંઠાધીપતિ ચરાચરપતિ લક્ષ્મીપતે પાહીમાંમ
આદે.રામ તપોવનાદી ગમન હત્વા મ્રગ કાંચનમ્
વઇદેહી હરણ જટાયુ મરણ સુગ્રીવ સંભાષણમ
વાલી નિગ્રહણ સમુદ્ર તરણ લંકાપુરી દાહનમ્
પશ્ચા દાવણ કુંભ કરણ હનન એતધી રામાયણમ
આદો દેવકી દેવ ગર્ભજનન ગોપી ગ્રહવરધનમ્
માયા પુતના જીવતાપ હનન ગોવરધનો ધરણમ
કંસા છેદન કઉરવાદી હનન કુન્તી સુત પાલનમ
એતદ્ શ્રીમદ ભગવત પુરાણ કથીત શ્રી કૃષ્ણલીલા મૃતમ

વંદન ૨ જુ

શાંતાકારં ભુજગ શયનં પદ્મનાભસુરેશમ્
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમં,
લક્ષ્મીકાંતં કમલનયનં યોગિ ભિર્ધ્યા નગમ્યમ્
વંદે વિષ્ણું ભવભયહરં સર્વ લોકૈક નાથમ્.

ઇશ્વર સ્તુતી.

દીના નાથ દયાલ નટવર હાથ મારો મુકશોમાં
હાથ મારો મુકશોમાં હાથ મારો મુકશોમાં દીના.
આમહા ભવસાગરે ભગવાન હું ભુલો પડયો છું
ચઉદ લોક નિવાસ ચપલાકાંતી આતક ચુકશોમાં દીના.
બોધ ઇશ્વર આપની સાધન વીસે સમજું નહી હું
પ્રાણ પાલક પોત જોઇ શંખ આખર મુકશોમાં દીના.
માત તાત સગા સહોદર જે કહું તે આપમારે
હે કૃપા અમૃતના સરોવર દાસ સારૂં મુકશોમાં દીના.
શરણુ કેશવલાલનું છે ચરણ હે હરીરામ તારૂં
અખીલ નાયક આ સમય ખોટે મસે પણ ખુટશોમાં દીના.

પદ ૧લું રાગ પ્રભાત.

સમરને શ્રીહરી મેલ્ય મમતા પરી
જોને વિચારીને મુળ તારૂં
તું અહ્યા કોણને કોને વળગી રહયો
વગર સંમજે કહે માહરૂં માહરૂં સમર.

દેહ તારી નથી જોતું જુગતે કરી
ગણતા નવ રહે નિશ્ચય જાયે
દેહ સંબંધ તજે નવ નવા બહુ થશે
પુત્ર કલત્ર પરિવાર વ્હાએ સમર.
ધન તણું ધ્યાન તું અહોનિશ આદરે
એજ તારે અંતરાય મોટી
પાસેછે પીયુ અલ્યા તેને નવ પરણીયો
હાથથી બાજી ગઇ થયોરે ખોટી સમર.
ભરનિદ્રા ભર્યા રોધિ ઘેર્યો ઘણો
સંતના શબ્દ સુણી કાન જાગે
ન જાગતાં નરસૈંયો લાજછે અતિઘણી
જન્મો જન્મ તારી ખાંત ભાંગે સમર.

પદ ૨જુ રાગ પ્રભાત.

શા સુખે સુતો સંભાળશ્રી નાથને હાથ તે હરી વીના કોણ સ્હાયે
તાતને માત સુત ભ્રાત ટોળે મળ્યા દોહલી વેળા સૌ દુર જાયે શા.
ઉંધે મસ્તક હતો ઉગ્રતપ આદરી ભક્તિ કીધી ભગવાન કેરી
અવતરી પાશ બધાયો માયા તણો લપટી લાલચે લીધો ઘેરી શા.
દીવસે ચોદસ ભમ્યો રાત નિદ્રા વીશે સ્વપ્નમાં સંભારે મોટી માયા
પલક પરવાર નહિ હરીને ભજવા તણો જ્યા લગી સંજોગ કાયા શા.
ધનધાંમે કરી મોહી રહયો લોભીયો વેદના વિસરી ગર્ભ કેરી
નાથ ત્રીલોકના હરિન સંભારીયા જ્યારે રાખ્યો તો જઠરામા ઘેરી શા.
જાગ્યરે જીવડા વાજ આવ્યો ઘણું કેટલો એક પ્રતિ બોધ દીજે
નરસીહના સ્વામીને નિત્ય સંભાળતા દેહના દુકૃત દુર કીજે શા.

પદ ઉજ્જુ રાગ પ્રભાત.

જ્યાંલગી આતમા તત્વ ચેત્યો નહિ
ત્યાં લગી સાધના સર્વે જૂઠી
મનુષ દેહ તારો એમ એળે ગયો.
માવઠાંની જેમ વૃષ્ટી જૂઠી જ્યાં

શું થયું સ્નાન સેવાને પુજા થકી
શું થયું ઘેર રહી દાન દીધે
શું થયું ધરિ જટા ભસ્મ લેપન કરે
શું થયું વાળા લોચન કીધે જ્યાં.

શું થયું તપને તીરથ કીધા થકી
શું થયું માલ ગ્રહી નામ લીધે
શું થયું તિલકને તુલસી ધાર્યા થકી
શું થયું ગંગાજળ પાન કીધે જ્યાં.

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે થકી
શું થયું રાગને રંગ જાણે
શું થયું ખટ દરશન સેવા થકી
શું થયું વરણના ભેદ આણે જ્યાં,

એ પરપંચ સહુ પેટ ભરવા તણા
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો
જાણે નરસૈયો કેતત્વ દરશન વિના
રત્ન ચિતામણી જન્મ ખોયો જ્યાં.

પદ ૪થું રાગ પ્રભાત.

અગીણ બ્રહ્માડમાં એક તું શ્રીહરી
જુજવે રૂપે અનંત ભાસે
દેહમાં દેવતું તેજમાં તત્વતું
શુન્યમાં શબ્દ થઈ વેદ ભાસે અ.
પવનતું પાણીતું ભુમિતું ભુદરા
વૃક્ષ થઈ પુલી રહ્યો આકાશે
વિવિધ રચના કરી અનેક રસ લેવાને
શિવ થકી જીવ થયો એજ આશે અ.
વેદતો એમ વદે શ્રુતિ સ્મતિ શાખદે
કનક કુડલ વિશે ભેદ ન હોયે
ઘાટ ઘડયા પછે નામ રૂપ જુજવા
અંત્યે તો હેમનું હેમ હોયે અ.
વૃક્ષમાં બીજતું બીજમાં વૃક્ષતું
જોઉં પરંતરો એજ પાસે
ભણે નરસૈંયો એ મનતણી શોધના
પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે અ.

પદ ૫મુ રાગ રામગ્રી.

જાગ્રત થાઓ બંધુ મહારારે કયાં સુધી સુવાયે
અવિધા તમ આજે હણી સ્વરૂપ જેથી પમાયે જા.
સૂર્યોદય હતો નહિરે નિદ્રા હતી સુ પ્રમાણ
સદગુરૂ શાસ્ત્ર સુર્ય લહી હવે જાણો તે હણ જા.

કોઇ ઉંઘતું આખી રાત્રિઓરે કોઇ રત્રિ ને દીન
આતો ઉંઘ કોટી જન્મની હજુએ તેમાં લીન   જા.
નાદ થોડો પાસે થતાંરે નિદ્રા તરત હણાયે
ઘોષ કરી શાસ્ત્રો થાકીઆ તોપણ તે તો જણાયે   જા.
સાધુઓ ઢંઢોળે સ્નેહથીરે ચીમટી દુઃખની ભરાયે
જાગ્રત સાધક તો બની ઉંઘમાં નોય સરાયે   જા.
ઉન્નત દશા આગળ ખડીરે ઉંઘમાં તે ન જગાયે
ચક્ષુ છતાં અંધજ બની હાથે કરીને હણાયે   જા.
બોધ ભાનું સંમુખ કરીરે કરી તમસનો નાશ
બ્રહ્મસ્વરૂપ બની જઈ બનજો સ્વયં પ્રકાશ   જા.

૬

હરીને ભજતાં હજુ કોઈની લાજ, જતાં નથી જાણીરે;
જેની સુરતી શામળીયા સાથ, વદે વેદ વાણીરે.   (ટેક)
વહાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણ્યકશિપુ માર્યો રે   (૨)
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણ સંહાર્યોરે   હરિને૦
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યોરે   (૨)
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યોરે   હરિને૦
વહાલે મીરાં તે બાઇનાં ઝેર, હળાહળ પીધાંરે   (૨)
પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાંરે   હરિને૦
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશેરે   (૨)
કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશેરે   હરિને૦

૭

કાયા છે ત્યાં સુધી કર સમરણ કીરતારનું રે (ટેક)
જતન કર્યું જઠરામાં જેણે, તારો દેહ રચ્યોછે તેણે;
તેણે કામ કર્યું છે, અતિ ઉપકારનું રે. કાયા૦
પ્રસવ થયા પહેલું પય કીધું, માતાના સ્તનમાં રચી દીધું,
તેણે કારજ સીધ્યું, તારા આહારનું રે. કાયા૦
કાન નેત્ર કીધાં છે કેવાં, સર્વ અંગ અમુલખ એવાં;
અંતઃકરણ કીધાં છે, વિવિધ વિચારનાં રે. કાયા૦
દાંત દીધા તુંને ચાવાણું ચાવવા, અન્ન સરજીયું ઉદર ભરવા;
કર દીધા કારજ કરવા વહેવારનાં રે કાયા૦
સુરદુલભ મનુષ્યાદેહ પામી, લંપટ ન થવું લુણહરામી;
છોટમ શરણ ગ્રહી લે, સરજનહારનું રે. કાયા૦

૮

જો વિચારીને જીવ હ્રદેમાં, મરવું એ તો સહી (ટેક)
મેડી મંદિરને માળીઆં તારાં, પડયાં રહેશે સહી (૨)
પ્રભુને અર્થે પૈસો ન વાવર્યો, હાંડી ઠાલી ગઇ. જો૦
કંચન જેવી કાયા તારી, અડવા દેતા નહિ (૨)
ઘર છોડી સમશાને ચાલ્યા, ગોદરે રાખો થઇ. જો૦
માત પીતા તારા બેન બનેવી, ને ઘરની નારી રહી (૨)
છોકરાં તારાં અળગાં રહેશે, એકલો જાશે વહી. જો૦
હરિ ભજો તમે હક હાલો, એમ વેદમાં વાણી કહી (૨)
હીરજી કહે જેણે હરિ ભજ્યા, એની જગમાં યશો રહી. જો૦

૯

મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું;
જુનું તો થયું રે પાંજર પડયું તો રહ્યું રે. મારો૦
કુડા કુડી કાયા રામા, જુઠી જુઠી માયા રે (૨)
કુડા દિલાસા અમને દઇ તો ગયો રે. મારો૦
આ રે કાયાની સાથે પ્રીતો બંધાણી રામા (૨)
પડી ગયા દાંત રેખું પડી તો રહી રે. મારો૦
કાયાનો ગઢ હંસા ડોલવાને લાગ્યો રે (૨)
ઉડી ગયો હંસ પાંજર પડયું તો રહ્યું રે. મારો૦
બાઇ મીરાં ગાય પ્રભુ, ગિરધરના ગુણ વાલા (૨)
છેલ્લી બાકી ના રામો રામ. મારો૦

૧૦

જગત મિથ્યા વિષે.

સબી જાન જગત વહેવાર, રેનકા સપના,
તુમ કાયકું કહત હો યાર, ભૂલ કર અપના. (ટેક)
નીજ માત તાત દારા, સુત ભગિની ભ્રાત,
એ સબી સવારથ જાન, પરસ્પર નાતા સબી૦
એક રામભજન બીન, ઓર નહીં નિસ્તારા,
ગુરૂજ્ઞાન ગ્રહો તુમ ઉતરો, ભવજલ પારા સબી૦
શિર કાલ અચાનક, ખબર નહીં એક પલકી,
કયા કરતે હો અભિમાન, આશા નહીં કલકી સબી૦

૧૧

મુંને ઘડી નથી વિસરતા રામ, હરિવર સંકટ હર્તા. (ટેક)
વહાલાજી મારા, કરપર ગોવર્ધન ધર્યો (૨)
વહાલે વ્રજનો દેશ ઉગાર્યો રામ હરિવર૦
વહાલાજી મારા, કાળીનાગે તે ફંદ કીધો (૨)
લટકાંએ નાથી દીધો રામ હરિવર૦
વહાલાજી મારા, કંસ હતો બહુ અહંકારી (૨)
મોહનજીએ નાખ્યો મારી રામ હરિવર૦
વહાલાજી મારા, મુષ્ટિક તંદુલ સુદામાના લીધા (૨)
એના મહેલ કનકના કીધા રામ હરિવ૦
વહાલાજી મારા, કુબ્જાનું ચંદન લીધું (૨)
એને રૂપ અનુપમ દીધું રામ હરિવર૦
વહાલાજી મારા, પાંચાળી સભામાં પોકારે (૨)
ચીર પૂર્યાં પૂર્ણ મુરારિ રામ હરિવર૦
વહાલાજી મારા, ભરે સાગરના છો ત્રાતા (૨)
પીંગળના પ્રાણજ પ્યારા રામ હરિવર૦

૧૨

પ્રભુજીએ ધાર્યું હોય તે થાય;
ડહાપણ કોઈનું કામ ન આવે (૨)
કરોને કોટિ ઉપાય—હાંરે હાંરે કરોને૦ પ્રભુ૦
ભીમ, અર્જુન, સહદેવ, નિકુળ પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેના દેખતાંજીરે, સતી તે કેમ લૂંટાય પ્રભુ૦

રામ જેવા સત પુરૂષ કહીએ, ને તે પણ વનમાં જાય;
સતી સીતાને કલંક ચઢાવ્યો, તો રાવણ શીર રોળાય પ્રભુ૦
રાજાને જ્યારે રઢ લાગી, ત્યારે મૃગયા રમવા જાય;
એરે રૂષિને કોઇ દુભશે, તેને તરત સર્પદંશ થાય પ્રભુ૦
પરીક્ષિત રાજાના જન્મેજય કહાવે, ને તે પણ રાજા કહેવાય;
જગન કરતાં રંભાને વરતાં, અઢાર બ્રહ્મહત્યા થાય પ્રભુ૦
શુભ મુહુર્તને શુભ ચોઘડીયાં, શુભ ગ્રહે લેવાય;
સારાં મુરત જોઇ લગન લખીયાં, રંગભરેલી રોળાય પ્રભુ૦
હાણ વૃદ્ધિ છે હરીને હાથે, મુરખ મન મલકાય;
કરનારો તો કરી રહયો છે, અણસમજુ અથડાય પ્રભુ૦

૧૩

લાવણી.

દેખા નહી કશુ સાર, જગતમે દેખા નહી કુશ સાર
મોહ બીસે મત લપટો યારે, દેખા નહી કશુ સાર ટેક.
ચૌદ ચોકડી રાજ મીલે જણ ત્રસણાકા નહી પાર
ભોગ ભોગવે ઇંદ્ર અપસરા ત્રપતી નહી લગાર જગતમે.
જુઠા રંગ રૂપમે ભુલી કીયા કરત ગમાર
રૂપ વીર્ય બલ નાસ હુવા તબ નહી હે અપની નાર •
નહીરખે અપની નાર જગતમે.
પ્યારી મેરી જાની પીંગલા હુબ રહા એકતાર
તોબી પ્રીયા કુતગ્ની રાણી અશ્વપાલક યાર
અશ્વપાલક યાર જગતમે.

અલ્પ વખતકા એહી તમાસા દુઃખ હે અપરમપાર
બેસક ઇસકા ત્યાગ કરો તુમ ફેર પસ્તાના યાર
ફેર પસ્તાના યાર જગતમે.
એહી ભરથરી નાર ભરોસે ભુલી હુવા ખુવાર
એહા ભેખસે જગત સીનદયુ નવ હુઓ સંસાર
નવ હુઓ સંસાર જગતમે.

૧૪

કાયારે કેસે રોઇ તજદીયા પ્રાણ ટેક.
ઘરકી માયા ઘરમે છોડી, ગાય ભેસ ઓર ઘોડી
રોનીનાર પથમણી છોડી, ઓર છોડી પુત્રન કેરી જોડી તજ.
ચારજનેકી આડ લાગાવે, ચડે કાસ્ટકી ઘોડી
જાય ઉતારે નદી કીનારે, પુકદીનીરે પ્રાગન જેસી હોરી તજ.
માત તાત સુત ભ્રાત સ્નેહી, સંગ ન આવે કોઇ
કહે કબીરા સુનો ભાઇ સાધું, જીને જોડીઉ તે પલબીચ તોડી તજ.

૧૫

મારા રામ ગયા વનવાસરે, ટેક.
નયણે નીદ્રા ન આવે જરી.
હંસ વીનાના મારા સરોવર સુનારે,
વાગ વીના વનવાટરે, નયણે.
પંખી વીનાના મારા પીંજરા સુનારે,
મંદરીએ સુના સીતા રામરે, નયણે.

૧૬ રાગ પ્રભાત.

જાગરે જીવ સંભારને શ્રી હરી,
સઠ થઇ શું સુતો સોડ તાંણી   ટેક.
ગોટલા પપના બાંધીયા સાથમાં
જ્ઞાન વૈરાગની વત ન જાણીરે   જાગરે.
દીવસે ચોદીસ ભમ્યો રાત્રે નીદ્રા વીસે
સ્વપનમાં સાંભળે ખોટી માયા
સીનેન્જ જીવનો સાર જાણ્યો નહીં
નવ ધણી એક ગોવીંદ ગાયારે   જાગરે.
મોહમાં રહી ગચ્યો પ્રપંચમાં તુપચ્યો
ગોથો ચીંતામણી એળેખોયો
વાર્યું કરતો નથી હાર્યુ કરવું પડે
અંત પસ્તાઇ પસ્તાઇ રોયોરે   જાગરે.

૧૭

કાફી ગઝો.

કરમ ગત ટાળી નાહી ટળે
કાળસે રાહુ કામસે સસીરવી જોગ સંજોગ પરે   કરમ.
ગુરૂ બસીસટ પંડીત મુનીજ્ઞાની સોધકે લગન ધરે
સીતા હરણ મરણ દસરથકુ બીપટ મે બીપટ પરે   કરમ.
પાંચ ચોહી પાન્ડવ ધીર પ્રતાપી બનગન રોત ફીરે
સુરદાસ પ્રભુ આણ હોઇ સો હોઈ જકન્ક કવન મરે   કરમ.

૧૮

હરિ ભજીએ તો આવે સુખની લહેરજો;
આ દુર્લભ મનુષ્યા દેહનો લ્હાવો લીજીએ. (ટેક)
ક્યાં થકી આવ્યો ને જીવ તારે ક્યાં જવું,
બોલ વિચારી જો ઠરવાને ઠામજો;
આ જુઠા જગત સાથે ઝઘડો નવ કીજીયે,
અંતે સાચો બોલી સીતારામ જો—આ દુર્લભ૦
આ મનુષ્યા દેહ પામ્યે રે મોંઘા મૂલની,
કોટિ જનમનાં પુણ્ય તણો નહીં પારજો;
આ શીશને સાટેયે માગી નહીં મળે,
એક ઘડી તો લાખેણી વહી જાય જો—આ દુર્લભ૦
આ વ્રજવાસી ગોપીએ લહવો લુંટીયો,
મુકી દીધી કાંઇ માત પીતા કુળ લાજ જો;
સાચું તે સગપણ રે શામળીયા તણું.
સરીયાં સરીયાં એ વનિતાનાં કાજ જો—આ દુર્લભ૦
આ તન, મન, ધન, જોબનરે રંગ પતંગનો,
આ જોને જોતામાં વણસી જાય જો;
અંતરમાં ઓળખી લે આત્મા રામને,
કહે પ્રીતમ તારૂં આવાગમન મટી જાયજો-આ દુર્લભ૦

૧૯

જીવ તેં હરિ ન સમર્યા ઘડી, કાયા કાલ જાશે પડી;
મન તેં પ્રભુ ન સમર્યા ઘડી, કાયા કાલ જાશે પડી.
રાત દીવસ ધંધમાં રઝળ્યો, નિંદા કથા મુખ ઘડી;
જોગનમાં જનમારો ખોયો, તારી મહેનત માથે પડી—જીવ.
સોનાની ચાખડીએ ચડતો, ને હીરે રત્ને જડી;
વાંકી ફેંટનું કલંગીવાળો ભાઇ. જમડા જાશે જડી—જીવ.
પેરણ પીતાંબર પલંગે પોઢતો, ને ઓઢણુ છે પમાડી;
આ લોક સુખમાં ઉંઘી રહયો, પછી જમડા જાશે જડી—જીવ.
નાડી ખેંચાશે ને જીભ ઝલાશે, ને નીર નહિ ઉતરે નળી;
હજાર વિંછીની વેદના થાશે. પછે કોઇ દિન આવશે ચઢી—જીવ.
ખાટયું ઘણું પાઇ ખરચી ન શકયો. ને દાટી બેઠો છે દળી;
ભોજો ભગત કહે અંત એની, પછી બાંધી ચાલ્યા ઠાઠડી—જીવ.

૨૦

શા માટે તું ભજતો નથી, સેહેજે સીતારામ રે;
આ કાયા તો તારી નથી, હાડકાં ને ચામ રે;
તેમાં તે શું મોહી રહયો છે, ગાફલ ગુલામ રે—શા૦
પાંડવોની પ્રતિસા પાળી, દ્રુપદીનાં ચીર રે;
સુદામાની વેળા વાળી, ઉગાર્યો પ્રહલાદ રે—શા૦
રાવણ સરખા રાણા હતા, સોના સરખાં ધાંમ રે:
સવાલક્ષ જેના પુત્ર હતા, તેનાં નથી ઠેકાણા ઠામરે—શા૦

આગળ તો તારે હુકમાઇ હતી, ઘેર હતા ગુલામ રે;
બાજીગરનો વાંદરો ભાઇ, ભરાવશે સલામ રે—શા૦
ઉંચી મેડીને અજબ ઝરૂખા, નીચાં નીચાં ધામ રે;
છત્રપતિ તો ચાલ્યા ગયા, તેનાં નથી ઠેકાણા ઠામ રે—શા૦
વાઇધુતી ધન ભેળું કીધું, દાટયાં રહેશે દામ રે;
બાપદાદા જેના થઇ ગયા, એના ખોળી કાઢોને નામ રે—શા૦
પાપની તો પળો બાંધી, ધરમ નહિ લગાર રે;
કહે ભવાનભાઇ સાંભળો, તમે ભજી લીયો ભગવાન રે—શા૦

૨૧

બંરહશ.

(નાથ કેસે ગજકો બંધ છુડાયો એ રાગ)

નાથ કેસે દ્રોપદી કે ચીર બઢાએ
જારો દેખ સબી બીસ માયે, ટેક.
કૌરવ પાન્ડવ મીલ આપ સામે જુવા મેલ રમાએ
તાર કપટા પાસા સકુની પાન્ડવ રાજ હરાએ ૧ નાથ.
દ્રુપદ સુતાકો બીસ સાત્રકે નગન કરનકો લાગે
દુનાકા નાથ લાજ રખ મેરી તુમ બીન કોન સહાયે ૨ નાથ.
દુસાસનને પકડ કેસસે ચાર બંનદ સેટયાએ
ખેચત ખેચત અંતન આઓ અમ્બર ઢેર લાગાયે ૩ નાથ.
ભીસ્મ દ્રોણ કર્ણ દુર્યોધન સબ મનમે સરમાયે
બ્રમાનંદ જીનકે હરીપાલક તીનકો કોન દુખાંયે ૪ નાથ.

૨૨

કવાલી કાફી.

અગર ડચ શાન કોપાની તો ગુરૂકી જા સરણ ભાઈ ટેક.
જટા સીરપેર ખાનેસે, ભસ્મતનમે લગખેસે
સઘાફૂલ મુસખાનેસે, કભી નહી મુકતી કોપાઈ ૧ અગર.
બનો મુરત પુજારીહે, તીર્થ જા ત્યાગીચારીહે
કરો વ્રત નેમ ભારીહે, ભરમ મનકા મીટે નારી ૨ અગર.
કોટી સુરજ સશીતારા, કરે પરકાસ મીલ સારા
બીના ગુરૂ ગાઢ અંધારા, ન પ્રભુકા રૂપ દરસાઈ ૩ અગર.
ઈસ સમજાન ગુરૂ દેવા લગા તનમન કરો સેવા
બ્રમાનંદ મોક્ષપદ મેવા મીલે ભવણંદ કીજાઈ ૪ અગર.

૨૩

ઉઠો ખડા કોઈ ચેતોને પ્યારા, સાન સમજો સદગુર કેરી;
જેમ દીપકપર પવન ઝપટે, કાળ ખડોરે તેરો શીર વેરી ઉઠો.
છોટી ઉમરમેં બગ ગનચુઆ, જ્યું ઉઠત સાયર લહેરી;
ધિકધિક ઉમર ખોઈ અકારજ, કાળ લેશે તરો તન હેરી; ઉઠો.
બાલપણામાં હસી ખેલ ગમાયો, જોગન જુવતી તન હેરી;
વૃદ્ધભયો અંગ આળસ આયો ભ્રષ્ટ ભયી બુદ્ધિ તેરી ઉઠો.
આજકાલ કરતાં આવ્યો તારો વાયદો, કાળ લેશે તેરો તન ઘેરી;
એક પલકમેં પકડ પછાડે, કયાં રહેગો તેરો જીવ ઠેરી ઉઠો.
સદગુરૂજી ઉપદેશ બતાવે, માનો શીખામણ અબ મેરી;
હરિદાસ કહે રામરટન કરો, તીન લોકમેં નહી વેરી ઉઠો.

૨૪

કર્મનકી ગતી ન્યારી અહો પ્રભુ કર્મનકી ગતી ન્યારી-ટેક.
ડાબર નીર ભર્યો અતી સુંદીર સમુદ્ર કરી દીધો ખારી
બગલાકું વાલે રૂપ દીઓ અતી કોયલ કરી દીધી કારી ૧
બડેબડે નેન દીએ મૃગનકું વનવન ફીરત દુખારી
ગંડું રાજા રાજ કરતહે પંડીત ફીરત ભીખારી ૨
સુંદીર નારીકું વાંઝણી રાખી ભુંડણ જણી જણી હારી
ગુણીકા નારી મલમલ પહેરે પતિવ્રતા ફીરે ઉઘાડી ૩
લોભીકું વાલે ધન દીયોહે દાતાકું ન મીલે જવારી
નાગરવેલકું નિશફળ કીધી બહુ ફળ કીધાં તાળી ૪
સોનામે તો સુંગધ નાહીં કસ્તુરી કરી દીધી કારી
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણકમલ બલીહારી. ૫

૨૫

ગોકળીયું નાનું ગામડીયું શા માટે આવે શ્યામ—ટેક.
પ્રથમ વીહારી પ્રભુ ધેનું હતી પ્યારી
હવેતો વીસારી દીધું નંદજીનું ગામ. ૧
મથુરાની અંદર મણીમય મંદીર
ધુળથી રચેલાં એવા કેમ ગમે ધામ ૨
કુબજા નારી કામણગારી તેનાથી
લોભાણા ભુલી ગયા છો તમામ ૩
કહે કવી પીંગળ મુરતી મંગળ
મારા મનમાં વસેતો બીજું શુંછે હવે કામ. ૪

૨૬

તારે કાથે કોપી રહ્યો કાળરે, ઊંઘ તને કેમ આવે—ટેક.
પાણી પહેલા બાંધી લેને પાળરે, આતો સ્વપ્ના જેવો સંસારરે
તારે માથે છે જમનો મારરે. આવ્યા એળે ખોયો અવતારરે ૧
તારા મનનું ધારયું થશે ધુળરે, ચાર તોલા છે મણમાં ભુલરે
કરી આવ્યો છે ગર્ભમાં કોલરે. થે લ આવેલું થાયછે કધોલરે ૨
કે જોતાંજોતાં આયુષ્ય ખુટી જાયરે, તારા ડહાપણમાં લાગી લાયરે
કાંઈ આવેલું ડુબશે જાજરે, તારે કાજે કહે છે ગોવીરાજરે. ૩

૨૭

પ્રેમની વાત છે ન્યારી,
ઓધવજી, પ્રેમની વાત છે ન્યારી. (ટેક.)
પ્રેમની વાતોમાં ઓધા, તમે શું જાણો;
બીજા શું જાણે સંસારી—ઓધવજી૦
પ્રેમની વાતોમાં, ઓધા, બ્રહ્માજી ભૂલ્યા;
વેદ મેલ્યા છે વિસારી—ઓધવજી૦
તમારો રંગ, ઓધા, રંગ છે પતંગનો;
અમારો રંગ છે કરારી—ઓધવજી૦
વેદ શાસ્ત્રમાં, ઓધા, સ્ત્રી નવ તારી;
વ્રજવનિતાને કેમ તારી—ઓધવજી૦
વલ્લભના સ્વામી પ્રભુ રસિક શિરોમણિ;
નીસરવાની નથી બારી—ઓધવજી૦

૨૮

સર્વ તજીને ભજીયે શ્રી ગોવિંદને
જે નારાયણ નોધારાના આધારજો,
ભાગે સંકટ કુડાંરે સંસારના,
જેના નામે ઉતરીયે ભવપાર જો—સર્વ૦

અપર માને વચને ધ્રુવજી વન ગયા,
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં,
પ્રભુ ભજ્યા કાંઇ ત્યાં જઇ બાળે વેશજો—સર્વ૦

દૈત્યપુત્ર પ્રહ્લાદજી તે આગે થયા,
લાગો છે કાંઇ પિતા પુત્રનો વાદજો;
સ્તંભથકી પ્રગટયારે નરસિંહરૂપધરી,
શ્રી મહા પ્રભુજીએ દીધો તેને સાદજો—સર્વ૦

લાખા ગૃહમાં પાંડવને આવી મળ્યા,
ભક્તજનોને દીધી છે ઘણી ધીરજો;
સ્મરણ પહેલાં આવ્યાછોરે તમે સદા,
ભક્તારે જન ઉગાર્યા પાંચે વીરજો—સર્વ૦

સુદામાનું દારિદ્રપણું તો જાણીયું,
મુષ્ટિક તાંદુલ આરોગ્યા મહારાજજો;
દાસ દયાના પ્રભુજી, કરૂણા કીજીએ,
ભક્તારે જનના કીધાં કોટિક કાજજો—સર્વ૦

૨૯

કહેવું શું હવે તમને કાના નંદ કુંવર નથી નાનારે—ટેક.
પેલી અમશું પ્રીત કરીને હરિ ગયાછો મનડાં હેરીને
વાલો બેઠા કુબજાથી વરીને ફેરો નવ્યા ફરીનેરે ૧
જો જાણ્યા હોત તમને આવા જુગજીવન દેત નહી કદી જાવા
ખોટા ખોટા સોગન ખાવા તમને ઘટે નહી ગાવારે ૨
દુખડાં દીધોછે મઇના દાણી હાંસીને વળી થઇછે હાંણી
અલબેલી રાધા અકળાણી તજી દીધાં અન પાંણીરે ૩
પીંગળ કહે હવે નાથ પધારો સેવા બાળપણાંની સંભારો
ત્રીકમ ભવસગારથી તારો બેડી પાર ઉતારે રે. ૪

૩૦

મન કરીલે વીચાર જીવન થોડા
તારા હરી કથાની માંય કાનછે બોડા
અંતે જાશો જમ પુરી માંય જડશે જોડા
તેથી રામનામ સંભળ, જીવન થોડા ૧
મોર મુગટ ધરયો શીર ઉપર દરપન કર મોઝાર
વેઢ વીંટીયું હાર ગળામાં ખુબ ધરયો શણગાર
પગમાં ત્રોડા, મન કરીલે ૨
હસ્તી ઉપર કનક અંબાડી ખમાં કહે છડીદાર
રથ મીઆનાં ઊંટ પાલખી કેતાં ન આવે પાર
તો ચડતા ઘોડા, મન કરીલે ૩

લોભ ન ચુકે કામ ન મુકે ઘર ધંધાની માંવ
મુરખ મનનું કહ્યુ ન બુજે તીરથ ગવનની માંય
ખીંવછે ખોડા મન કરીલે ૪

સંસાર સગાર મહા જળ ભરીગો રામ નામ કો ગાજ
ગંગાદાસકું જ્ઞાન બતાયો રામદાસ મહારાજ
ખરાની વેળા મન કરીલે વીચાર જીવન થોડા ૬

૩૧

મળ્યો મનુષ્યા જનમ અવતાર માંડ કરીને
તે ભજ્યા નહીં ભગવાન હેત ધરીને
તેથી ખાસો જમના માર પેટ ભરીને
તો રામ રામ સંભાર—ટેક.

ગઇ પલ પાછી ફેર નહી આવે મુરખ મુંઢ ગેમાર
ભવ સાગરની ભુલવણીમાં વીત ગયે જુગ ચાર ફેરા ફરીને ૧

જઠર અગનીમાં જુગતે રાખ્યો નવ માસ નીરધાર
રતુતી કીધી અલબેલાની બારધર્યો અવતાર માયા મોહીને ૨
ફલ જુલ ફુડો રંગે રૂડો કેતાં ન આવે પાર
જપતપ તીરથ કહ્યુન કરીયાં એક નામ આધાર શ્રીકૃષ્ણ કહીને ૩

ગુરૂ ગમ પાયો મનમે સાયો જુગતી કરી જદુરાય
ગંગાદાસકું જ્ઞાન બતાયો રામદાસ મહારાજ દયા કરીને
મળ્યો મનુષ્ય જનમ અવતાર માંડ કરીને. ૪

૩૨

કંઠી બાંધી વંઠી અકલ સુધાકા કરી
ધરમ ધારણ કરતાં પુંજી પાપની ભારી—ટેક.
સુધ નવા સ્નાન સોચ આચરે ખરો
ક્રોધ છે ચંડાળ તે તો નાં થયો પુરો ૧
સપથ ખાય ધરમનાં તું કંઠી કરગ્રહી
આચરે અનીતી ઓથે ધરમને રહી ૨
પંથનો તું વાદ કરે અન્યથી અડે
તું તો તારૂં ભુલ્યો ભાંન તેહના જડે ૩
ચોરી જારી કપટ દંભ દુષ્ટતા ઘણી
ભાલ તીલક તાંણી બેઠો સાબણી ૪
કપટ ધુરત ભેખ કલીકાળમાં ઘણાં
છોટમ જેવા ગુરૂ તેવા સીષ્ય તે તણાં. ૫

૩૩

કોરવ પાંડવ જુગટે રમ્યા પાંડવ ગીયાછે પ્રથવી હારી
હસ્તીને ઘોડા માલ ખજીના દ્રૌપદી નારી—ટેક.
સતી તાણું મુખ જોઇ કરીને મહીપતી મનમાં હસ્યો
આવા સુંદીર શોહામણા દેખી દીલમાં હસ્યો ૧
આવો ભાભી હવે અમારા થયાં આવી મારે ખોરલે બેસો
પાંચ પાંડવ ગયા પૃથ્વી હારી કેને જઈ કેસો ૨
ધ્રુટ ભુંડા ફટ પાપીઆ આવું સીદને બકયો
કોરવ કુળ તારૂં ઉજડ થાસે દીવસ છે વાંકો ૩

તારેરે ખોરે બેસવાને ઇચ્છે છે સદા
એક બાણુ અરજુનનું બીજી ભીમની ગદા ૪
એટલે પાપીને રીસ ચડી એની ધરા તો ધગી
ચોટલો ઝાલીને લાવું સભામાં કરૂં તુને છતી ૫
સતીનાં મનમાં વીચાંર થયો દુરીજન દેખસે ચેરો
લાખ ટકાની લાજ પ્રભુ મારી રાખશે ખરો ૬
કોરવ તાંણે પાંબડીને રૂપી પામે ત્રાસ
સુરજ રથ ખેંચીઆ ત્રાહે ત્રાહે દીનાનાથ ૭
સતીતણું દુઃખ જોઈ કરીને આવ્યા શ્રી હરિ
પલમાં એક પધારીયા વાલો મારો ગરૂડે ચડી ૮

૩૪

કબ સુમરોગે રામ અબ તુમ કબ સુમરોગે રામ—ટેક.
આય અચાનક કાળ ગ્રહેગો તબ તેરો કોન જમાન
આરે કાયાનો ગરવ ન કરીએ અંતે થવાનીછે રાખ ૧
ધન દોલતને માલ ખજીના તેતો નહી આવે તારે કામ
દાસ ઇસાની હેતની અરજી ચરણે રાખોને ઘનસ્યામ ૨

૩૫

ભજીલે મન ગોવીંદ કૃશ્ન હરી ભજીલે મન—ટેક.
રામ કેતાં તારે દામ ન બેસે છુટત ના ગઠરી
આરે કાયા તારી કાચની પુતળી પલમાં જાશે પડી ૧
જે મુખથી રામન ઉચરે તો મુખમાં ધુડ પડી
સુર કહે તમે રામ ભજીલ્યો હરદમ એક ઘડી. ૨

૩૬

જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે—ટેક.
સિંહણ કેરૂં દૂધ હોય તે, સિંહણ સુતને જરે (૨)
કનકપાત્ર પાખે સહુ ધતુ, ફેડીને નીસરે—પ્રેમરસ૦
સક્કરખોરનું સાકર જીવણ, ખરના પ્રાણજ હરે (૨)
ક્ષીરસિંધુનું માછલડું જ્યમ, મીઠાજળમાં મરે—પ્રેમરસ૦
સોમ વેલ્લી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે (૨)
વગળ વંશીને વમન કરાવે, વેદ વાણી ઉચરે—પ્રેમરસ૦
ઉત્તમ વસ્તુ અધિકારવિના મળે, તદપિ અર્થ ન સરે (૨)
ગરુડભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ન ભરે—પ્રેમરસ૦
એમ કોટિસાધને પ્રેમવિના, પુરૂષોત્તમ પુંઠ ન ફરે (૨)
દયા પ્રીતમ શ્રીગોવર્ધનધર, પ્રેમ ભક્તિએ વરે—પ્રેમરસ૦

૩૭

નારાયણનું નામ લેને તું પ્રાણીરે;
બદ્રીનાથ પ્રગટ જુગ જાણી ટેક.
ગર્ભવાસે રક્ષા કીધી તારી રે,
લીધો જઠરાગ્નિથી ઉગારી રે,
તેને કેમ મેલ્યો છે વિસારી—નારાયણ૦
નરદેહ દીધો તેને નાથે રે,
ધન હોય તો વાવર તારે હાથેરે,
પડ્યું રહેશે કોડી નાવે સાથે—નારાયણ૦

પણ સમજે કહે મારૂં મારૂં રે,
ધન કાજ ફરે તન બારૂં રે,
તારા હાથે નથી ધન તારૂં—નારાયણ૦
મિથ્યા સુખમાં તે શું લપટાણો રે,
લોક લાજે ગળે દીધો પાણો રે,
જાયછે તૃષ્ણાના પુરમાં તણ્યો—નારાયણ૦
કાયા માયા એ રીતે કાચી રે,
તેના રંગમાં તે શું રહુશો રાચી રે,
બ્રહ્માનંદ કહે વાત સાચી—નારાયણ૦

૩૮

ગર્વ કીયો સોઇ નર હાર્યો, સીયારામજીસેં ગર્વ કીયે૦
ગર્વ કીયો રાજા હિરણ્યકશ્યપુએ, નાર વધારીને માર્યો;
હાંહાંરે પ્રભુએ નાર વધારીને માર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો લંકાપતિ રાવણે, દશ મસ્તક છેદી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ દશ મસ્તક છેદી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો શ્રી રત્નાગર સાગરે, નીર ખારો કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ નીર ખારો કરી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો ચકવા ચકવીએ, રૈન વછુટ કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ રૈન વછુટ કરી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો અંજની કેરે પુત્રે, પાંવ ખોડો કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ પાંવ ખોડો કરી ડાર્યો—સીયારામજીસેં૦

ગર્વ કીગો સિંહલદ્વીપકે સિંધીઓ, બાલ વાંકો કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુજો બાલ વાંકો કરી ડાર્યો—સીયારામજીસં૦
કહેત કબીર સુનો ભાઈ સાધુ, શરણે આવ્યો તેને તાર્યો;
હાંહાંરે પ્રભુએ શરણે આવ્યો તને તાર્યો—સીયારામજીસં૦

૩૯

અવતારી છો ગીરધારી તમપર વારી હો સુખકારી સુંદર શ્યામ
વૃજનારી શરવે વીસારી લેછે કુંજ વીહારી નીત્ય તમારા નામ–ટેક.
ખાવાથી ગાવાથી શાને સમજાવાથી નાવાથી જમનાના નીર
ઝટપટ બોલવાથી વશકીધા જાવાથી ખાવાથી ચોરીને ચીર ૧
માધુવનમાં ગોવનમાં મુનીજનમાં અંગનમાં ઈશ્વર દીઠોછો આપ
દરશનમાં પરશનમાં મધુરી સુખલાવનમાં તનમનનાં ટાળોછો તાપ ૨
બળમાંથી કળમાંથી છળમાંથી જળમાંથી હાથી રાખ્યો હુશીયાર
તળમાંથી થડમાંથી કૌરવના દળમાંથી પાંડવોનો ઉધાર ૩
સુખકરવા દુખહરવા ફરીને અવતરવા રંકની સુણજો ગાવ
કૃતશરવા ચીતઠરવા જમડાથી નહી ડરવા ભવતરવા પીંગલનાપ્રાણ.

૪૦ સ્વરૂપ ભાવના એજ રાગ.

હું છું અખંડ બ્રહ્મ સ્વરૂપ, હું છું આદિ અનાદિ સકળ વિશ્વનો ભૂપ;
સદ્રૂપ, ચિદ્રૂપ, પરમાનંદ રૂપ, છું સર્વ સંગ વિહીન;
અકર્તા, અભોક્તા, વિષય તૃષ્ણા શુન્ય, સ્વસ્વરૂપમાં લીન; હું છું૦
ક્ષુધા તૃષાદિથી ત્યજિત સર્વદા, સંસારી ધર્મ રહિત;
અજર અમર નિત્ય શુદ્ધ વિભુ, છું સદા બુદ્ધ સુચિત્ત; હું છું૦

ત્રણે દુઃખેથી ત્રિકાળ મુક્ત છું, નિત્ય પ્રબુદ્ધ રહેનાર;
મારા તે સ્વતઃ સિદ્ધ સ્વભાવો, ભ્રમ વિષે ઠરનાર; હું છું૦
વ્યાકુળતા કે અશાંતિ ચિત્તમાં, રહે નહિં ક્ષણવાર;
વિકાર વિષયો વેગળા મુજથી, સદા દૂર થનાર; હું છું૦
બાહેર ભીતર ઉપર નિચે, સર્વ સ્થળે વસનાર;
પરમાનંદ ઘન બ્રહ્મ નિર્ભય, સચ્ચિત સુખ લેનાર; હું છું૦
ભાનુ શશિ તારા ગણ જે નભમાં, હુંમાં તેજ વિલાય;
જ્ઞાતવ્ય, એ સત્ય, શું જઈ શોધું, મુજ સ્વરૂપ પમાય; હું છું૦

૪૧

જનુની જવે રે ગોપીચંદની પુત્રને પેસાડ્યો વઈરાગજી
ઉપદેશ આપ્યો એવી પેરે લાગ્યો સંસારીડો આગજી—ટેક.
ધન ધન રે માતા ધ્રુવ તણી કિધાં કઠણ વચનજી
રાજ સાજ સુખ પરહરી વેગે ચાલીયા વનજી ૧
ભલો રે ત્યાગ ભરથરી તણો તજી સાતસે નારજી
મંદીર ઝરૂખા મેલી કરી આશન કીધેલ બારજી ૨
ઉદીન સકે ઉટીઓ બહુ બોલાવ્યા બાજિંદજી
તેને રે દેખી ત્રાસ ઉપજ્યો લીધી પૂકારી છોડ્યા ફૂંદજી ૩
એ વઈરાગને જાઉ વારણે બીજા ગયા રે અનેકજી
ભલા રે ભુંડા અવની ઉપરે ગણતા ન આવે છેકજી ૪
કહા ગયું કુળ રાવણ તણું શગર સુત સાઠ હજારજી
ના રહ્યું નાણું રાજા નંદ તણું સરવે સ્વપન વેવારજી ૫
એવા છત્ર પતી ચાલ્યા ગયા રાજ મુકીને રાજનજી
દેવ દાનવ મુની માનવી સરવે જાણી સ્વપનજી ૬

સમજી મુકોતો સારૂં ઘણું જરૂર મુકાવશે જમજી
નિષ્કુળા નંદ કહે એ નહી મટે સાચું કહું ખાઇ રામજી ૭

૪૨

ભકતોની ભીડે કયાં ન આવ્યોરે—હું તો ભકતોની૦
એમ કહે છે શ્રી રણછોડ રાયોરે—હું તો ભકતોની૦
કબીર સારૂ હું તો વણજારો થઇને (૨)
પોઠ ભરીને ઘેર લાવ્યો રે—હું તો ભકતોની૦
ધના ભગતની મેં ખેતી નીપજાવી (૨)
ઘઉંના ગાડાં ભરી લાવ્યો રે—હું તો ભકતોની૦
સેના ભગત સારૂ સન્મુખ રહીને (૨)
હું સેનો નાવી કહેવાયો રે—હું તો ભકતોની૦
પ્રહલાદની મેં તો પાળી પ્રતિજ્ઞા (૨)
નામદેવ સારૂ મેં મારેજ હાથે (૨)
ઘરનો છાપરો છાયો રે—હું તો ભકતોની૦
દામાજી સારૂ સામો મહારાજ થઇને (૨)
ભરણું ભરીને પોંચ લાવ્યો રે—હું તો ભકતોની૦
નરસિંહ મેતાને માંડલિક મારવાને આવ્યો (૨)
કેદારો મધ્યરાત્રે લાવ્યો રે—હું તો ભકતોની૦
કુંવર બાઇનું મેં પૂર્યું મામેરૂં (૨)
મેં સૌનો કર ચુકાવ્યો રે—હું તો ભકતોની૦
દાસ નારાણસિંગ કહે કરૂણા કરીને (૨)
કૃષ્ણજીએ કર મારો સાહયો રે—હું તો ભકતોની૦

૪૩

કેઇને ભાર ન રાખે મોરારી, આપે વ્યાજ સાખે ગર્થવાળી (ટેક.)
સુદામાજીના તાંદુલ લીધાં, તેના મોલ કનકનારે કીધા.
દ્રૌપદીજીનું આવ્યુંરે ટાણું, ચીરપૂર્યાં તે નવસે નવ્વાણું.
પાટો બાંધ્યો તે પીડારે જાણી, ચીર પૂર્યાની એ એંધાણી.
થોડું ચંદન કુબજાનું લીધું એને રૂપ અનુપમ દીધું.
ગોવાળીએ ઓચ્છવ કીધો, વહાલે કરપર ગોવર્ધન લીધો.
જેનું લીધું હતું તેનું દીધું, તેમાં પરમ રથ તેશું કીધું?
ધન્ય ધન્ય નરસિંયા તારી વાણી, એમ બોલ્યા તે સારંગપાણિ.

૪૪

જે જન એધા મોહે ન બિસારે, તાહે ન બિસારૂં છિન એક ઘડીરે.
મોકું ભજે ભજું મેં વાકું, કલ ન પડત છિન એક ઘડીરે;
જન્મ મરણકો સંકટ કાટું, રાખું મેં આનંદ ભરીરે—જે.
સુમરન કીનો દ્રૌપદી રાની, ચીર બડાએ પ્રભુ આપ હરિરે
મહાભારત ભરવીકે ઇંડા, દાબ લીઓ ગજઘંટ ધરીરે—જે.
ધ્રુવ પ્રહ્લાદ રૈન દિન ધ્યાવે, શુભ રૂપસો પ્રગટ કરીરે;
સ્થંભ ફાડ હિરણ્યકશ્યપુ મારેઓ ભક્ત પ્રહ્લાદકી રક્ષા કરીરે—જે.
અંબરીશ ઘર ગયે દુર્વાસા, ચક્ર પુઠાયે પ્રભુ સહાય કરીરે;
ભજનહાર ભજું તજનહાર તજું, એસી હમારી પરવરીરે—જે.
પાંચ પાંડવકી રક્ષા કીની, લાખા ગૃહમેં સહાય કરીરે;
સૂર કહે ગજરાજ ઓધાર્યા, દયાસિંધુ જદુનાથ હરિરે—જે.

૪૫

રઘુવરકી સુધી આઇ આજ મોહી રઘુવરકી સુધી આઇરે—ટેક.
રામજી વીના મેરી સુની અજોધ્યા લક્ષ્મણ વીના ઠકુરાઇરે
સીતાજી વીના મેરી સુની રસોઇ કહેત કઉસલ્યા માઇરે ૧
આગે આગે રાજા રામજી ચલતહે પીછે લક્ષ્મણ ભાઇરે
વીચમે વીચમે સીતાજી ચલતહે ચીત્રકુટપર આઇરે ૨
બત્રીશ ભાતનાં ભોજન જમતાં પોઢતા પલંગ બીછાઇરે
હવે કાંકરી ઉપર કેમ ચલાશે ફાલ ફુલ ફળ ખાઇરે ૩
શ્રાવણ વરસે ને ભાદર ગાજે પવન રહે પરવાઇરે
ઇણ અવસરમેં ત્રણે ભીંજતહે રામ લક્ષ્મણ સીતામાઇરે ૪
કેકઇને કઉશલ્યા કહતહે આ મતી કોને શીખાઇરે
રાજા દશરથજી પ્રાણ તજતહે કેકઇ મન પસ્તાઇરે ૫
રાવણ મારીને રામજી પધાર્યા ઘર ઘર હોત વધાઇરે
માતા કઉશલ્યા આરતી ઉતારે તુલસીદાસ જશ ગાઇરે. ૬

૪૬

હરીજન જપો હરીનું નામ તેને કાળ કરે સલામ—ટેક.
રામ ભજનમાં રાચે નહીને ઉતર દીએછે આડા
મરી મરીને ફેર અવતરે અંતે સરજે પાડા ૧
ભારજ તાણે બોજા ઉઠાવે એમાં હીંમત રાખે
રામ ભજનમાં રહે આળસુ છેવટ નરકે નાખે ૨
નીંદામાં નવરો નહી રેવે હરી ભજનમાં ઝોલાં
ચોરાશીના ખાડા ભરવા અંતે સરજે ગોલા ૩

પરમારથમાં પગ ભરે નહી સ્વારથમાં મોટા સુરા
ધીક પાપીના પેટને સરજે જળના પુરા ૪
નાણું દીધા પણ નીરખી નજાણ્યું બોલી નજાણ્યું બકે
મોક્ષ બારણું મેલી દીધું ચોગાસીને ધકે ૫
વખત જાયછે વધુશું દાખવું શીખામણ છે છેલી
દાસ દયો કહે માની લેજો મન મરજાદા મેલી ૬

૪૭

શ્રી શીવજીની આરતી.

જય શીવ ઓમકારા, ભોળા હર ભજ ઓમકારા,
બ્રહ્મા વિશ્નુ સદાશીવ, ભોળે નાથ મહાદેવ, ઓમ.

અરધંગે ગોરા, ઓમ હર હર મહાદેવ,
દેવા એકાનન ચતુરાનન પંચાનન રાજે,
ભોળા પંચાનન રાજે હંસાશન ગુરૂડા શન,
વરખ વાહન છાજે. ઓમ.

દોહ ભુજ ચાહર ચત્રભુજ, દશ ભુજ તમ સોહો ભોળા.
શીવજીના રૂપની રક્ષા, ત્રીભુવન જગ મોહે ઓમ.
સીત્તાંબર પીતાંબર વાઘમ્બર અંગે ભોળા.
સનકાદીક વીભુ ત્રદીક, ભુતાદીક સંગે ઓમ.
અક્ષમાળા વનમાળા રૂઢમાળા ધારી ભોળા.
ત્રીપુરારીરે મોરારી કળ કમળા ધારી ઓમ.
લક્ષ્મીવર ઉમીયાવર સાવીત્રી સંગે ભોળા.

પાર્વતી અરધંગા શીવ ગૌરી સંગે ઓમ.
કર મધે એક કમંડલ ચક્ર ત્રીશુર ધરતા ભોળા.
સુખ કરતા દુઃખ હરતા સુખમેં શીવ રહેતા ઓમ.
વીશ્નુ વશે વૈકુંઠે શીવજી કૈલાસે ભોળા.
હરી કાળા શીવ ગોરા ઇશ્વર ઓમ કાળા ઓમ.
ચોસઠ જોગણી મંગલ ગાવે નીત્વ કરત ભેરૂં ભોળા.
બાજત તાલમદંગ ઓર બાજત ડમરૂ ઓમ.
બ્રહ્મા વીશ્નુ સદાશીવ અંતર નહિ રચના ભોળા.
હરી હરસે ગુન ગાના બ્રહ્માસે ગુણ ગાના
ભવસાગર તરવા ઓમ હર હર મહાદેવ,
કાશીમેં વીશ્વનાથ બીરજે નંદુ બ્રહ્મચારી ભોળા.
નીત ઉઠ ભોગ લગાવત નીત ઉઠ દરશન પાવત
મહીમ અતી ભારી ઓમ હર હર મહાદેવ.
શીવજીની આરતી જે કોઇ ગાવે ભોળા મન સુદ્ધ હો ગાવે,
ભણત શીવાનંદ સ્વામી જપત હરીહર સ્વામી;
ઇચ્છા ફૂળ પાવે ઓમ હર હર મહાદેવ. ઓમ.

૪૮.

લાવણી.

જય શીવ ઓમકારા, ભોળા હર ભજ ઓમકારા,
ભોળા પાર્વતી પ્યારા, ભોળા ઉપર જલધારા,
ભોળા ભંગ પીવનવારા, ભોળા ધતુરો ચવનવારા

ભોળા આંખી લોચનવાળા, ભોળા ગલે બીચ રૂદ્ર માળા,
ભોળા ઓઢત મૃગ છાલા, ભોળા વીભુતી લગાને વાલા,
ભોળા આશન મૃગ છાલા, ભોળા ધારી ધજ્જવાલા,
ભોળા બેલ ચરનવાલા, ભોળા સંતન પ્રતીપાલા,
ભોળા ગૌ બ્રાહ્મણ રક્ષકપાળા, ભોળા પાર્વતી પ્યારા,
બ્રહ્મા વીરનું સદાશીવ, ભોળા નાથ મહાદેવ,
અરધંગ ગોરા ઓમ હર હર મહાદેવ.

૪૯ [ઉતાવળા ન થશો કહું એ લય]

ચંચળ નર ચેતી નવ ચાલે, અમૂલ્ય અવસર જાયછે;
મારૂં મારૂં કહી મમતામાં મ્હાલે, ગમાર ગોથા ખાયછે.
ફોકટ ફુલ્યો, માયામાં ડૂલ્યો, સ્વરૂપ ભૂલ્યો રે
જોને હજી, ગર્વ ત્યજી,— ચંચળ૦
વિષય વાસના અંગમાં વ્યાપી, કામ ક્રોધમાં મોહાયછે;
અંતર ધાર, શુભ વિચાર, પામીશ પાર રે;
સુખ સંપ્રાપ્તિ, સ્વરૂપ ગતિ;— ચંચળ૦
પર્વત જેમ નિજ અંગોથી, નિર્મળ જળ વહેનાર છે;
તેમ તું તારા, ચિત્તથી સારા, વાણી દ્વારા રે...
શુદ્ધ વિચાર, તણો પ્રસાર;— ચંચળ૦
વળી વૃક્ષ નિજ શરીર ઉપર આશ્રયને દેનાર છે;
તેમ તું દેવી, સંપતિ એવી, ચિત્તમાં રેવી રે...
રાખ્ય નિત્ય, હૃદય પ્રિત્યે;— ચંચળ૦

દીન જનો વા અર્થીને કાજે, વિધ વિધ વસ્તુ રચાયછે;
કાષ્ઠ, પાષણ, પત્ર ને પુષ્પ, ધાતુ આદિ રે...
આપી નિત્યે, જન પ્રત્યે;— અંચળ૦
તેમ તું અખિલ અર્થી માટે, મન ઇંદ્રિય શરીરાદિથી
હિતને સાધી, ટાળી ઉપાધિ, સંતોષ આપીરે...
કષ્ટ કાપી, ઇષ્ટ આપી;— ચંચળ૦
નિર્જળ ઉષર દેશમાં વૃક્ષ કે, છોડ જેમ ઉપજે નહિ;
તેમજ તારા, ચિત્તથી ન્યારા, વિષયો ખરારે ..
ન પ્રકટે, સાવધ રહેજે;— ચંચળ૦

૫૦

લાવણી.

જે કોટેશ્વરકી સદાશીવ જે કોટેશ્વરકી,
તેરા કોટ કલ્યાન કરે કોટેશ્વર જે કોટેશ્વરકી,—ટેક.
નીચી ધારા વહે સિંધુકી, ઉપર હુએ શીવજી સદાશીવ.
દેવલ માંહે તો દેવ બીરાજે, પાસે પાર્વતી જે કોટેશ્વરકી.
અયા કુંડકા ઘેરા પાની, જો આવે નાવે સદાશીવ.
પાપ પિંડકા પરલે જાવે, રહે ન એક રતિ જે કોટેશ્વરકી.
જો તેરે દર્શનકું આવે, ઘર તેરા ગોતી સદાશીવ.
ઉનકું શંકર દાન દેત હુએ, માણક ઓર મોતી જે કોટેશ્વરકી.
અબ મેં તો સરનાગત આયો, નાગ નાથ નીરખી સદાશીવ.
મકન કહે મેરે મનમે આશા, ગંગાકે વરકી જે કોટેશ્વરકી.

૫૧

રામ બાણુ લાગ્યા હોય તે જાણે,
ઓલ્યા મૂરખ મનમાં શું જાણે. (ટેક.)
ધ્રુવને લાગ્યા પ્રહ્‍લાદને લાગ્યા, તો ઠરીને બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવને લાગ્યા, એતો વેદ વચન પરમાણે—રામ૦
મોરધ્વજ રાજાનું મન હરી લેવા, હરી આવ્યા જે ટાણે;
લઇ કરવત મસ્તક પર મેલ્યું, ને પત્ની પુત્ર બેઉ તાણે—રામ૦
મીરાંબાઇપર ક્રોધ કરીને, રાણાજી ખડ્ગજ તાણે;
વિખના પ્યાલા ગીરધરલાલે આરોગ્યા, એતો અમૃતને ઠેકાણે--રામ૦
નરસિંહ મેતાની હુંડી સ્વીકારી, ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનો ભક્ત ઉર આણે—રામ૦

૫૨ [વિનવું વિનવું અંબે ભવાની. એ લય.]

રે મન સ્થિતિ કર બ્રહ્મ સ્વરૂપમાં,
પામીશ અચળ સુખ ત્રિભુવનમાં;—રે૦
મોહ ષણાદિનો ત્યાગ કરીને, વ્હેજે નિત્ય આનંદના પૂરમાં—રે૦
સ્ત્રી ચિંતન વળી દ્રવ્ય ચિંતનને, નવ ધરજે કદી તુજ અંતરમાં—રે૦
ભટકીશમાં ભવે દીન બનીને, સમજણ લાવી કંઇક ઉરમાં—રે૦
દશ્ય પ્રપંચને મિથ્યા જાણી, તેનો કદીએ સંગ કરીશમાં --રે૦
ત્યજ મમતા તું ત્રણ શરીરથી, થા અનુરાગી બ્રહ્મ રટણમાં—રે૦
પારજ પામ પંચ કોશથી, નિજાનંદ લે બાહ્ય જગતમાં—રે૦
પ્રયાપ્રિયને સમ ગણીને, સુખ લેજે નિજ સંતુષ્ટતામાં—રે૦
અવિચળ શાંતિ પામીશ નિશ્ચે, જઇને પડીશ શ્રીનાથ ચરણમાં—રે૦

૫૩ [પ્રિયતમ પ્રભુ એ લય]

પરબ્રહ્મ સચ્ચિદ્ઘન નાથ પ્રભુ,
જય અખિલ વિશ્વવ્યાપક વિભુ;—પર૦
પરમાત્મા પરબ્રહ્મ પરાત્પર, પતિત પાવન સ્વયંભુ;
વિશ્વવિધાતા ત્રિભુવન ત્રાતા, સંહર્તા બનીને શંભુ,—પર૦
પ્રણતપાળ અધિષ્ઠાન જગત્‌ના, વિનવું હૃદય કર જોડી વિભુ;
ભંજન ભવના આપ નિરંજન, નાથ હાથ ગ્રહી તારો પ્રભુ, પર૦

૫૪

ઓધા જાણ્યુંરે એને તે અમે જાણીએરે;
વર રાધાજીનો તો વખાણીએરે—ઓધા૦
કંઇક જાણ્યાતા નરસિંહ નાગરેરે;
હુંડી લખીતી કોરેરે કાગળેરે—ઓધા૦
કંઇક જાણ્યા સગાળ શેઠ વાણીએરે;
કુંવર વેર્યો સગાળવતી રાણીએરે—ઓધા૦
કંઇક જાણ્યાતા હરિચંદ્ર રાજીએરે;
સત્ય રાખ્યાં તારામતી રાણીએરે—ઓધા૦
મૂરખ ખોટાં કરીમની કહાણીએરે;
પથ્થર નહીં ભીંજે ઉંડે પાણીએરે—ઓધા૦
ગુરૂ ગાયરે ગેમલ રસ માણીએરે;
ગેરસ પીધા કાનુડે વર દાણીએરે—ઓધા૦

૫૫ રાગ ગરબી.

સીતારામને ભજીને લહાવો લીજીયેરે (૨)
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીયેરે—સીતારામ૦
તારો અવસર પલ પલ જાય છે રે (૨)
તારા ઘટમાં બેઠો કાળ ખાયછે રે—સીતારામ૦
તારૂં જોબન જાશે જરા આવશે રે (૨)
તુંને ભાણું ભોજન નહીં ભાવશે રે—સીતારામ૦
તારા વહાલા વેરી થઈ લાગશે રે (૨)
તારી દેહ દેખીને દૂર ભાગશે રે—સીતારામ૦
કાંઈક ધર્મ કરો આડું આવશે રે (૨)
તે તો જમના તે માર મૂકાવશે રે—સીતારામ૦
સ્વામી રામદાસ કહે નર નારને રે (૨)
સંત સેવો તો ઉતરો ભવપારને રે—સીતારામ૦

૫૬ રાગ ગરબી.

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગીરધારી;
મારી હુંડી શામળીઆને હાથરે. શામળા ગીરધારી.
રાણાજીએ રઢ કરી, વળી મીરાં કેરે કાજ (૨)
ઝેરના પ્યાલા મોકલ્યારે, વહાલો ઝેરના જારણ હારરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
સ્થંભથકી પ્રભુ પ્રગટીયા, વળી ધરીયાં નરસિંહરૂપ (૨)
પ્રહલાદને ઉગારીઓરે, વહાલે માર્યો હરણાકંસ ભૂપરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

ગજને વહુલે ઉગારીઓ, વળી સુદામાની ભાગી ભૂખ (૨)
દેહુદી વેળાના મારા વાલમારે, તમે ભક્તોને ઘણાં આપ્યાં સુખરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીના પૂર્યા ચાર (૨)
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારજોરે તમે સુભદ્રાબાઇના વીરરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
સાડાત્રણસો તીરથવાસીને, વળી રૂપીઆ છે સો સાત (૨)
વહેલા પધારજો દ્વારકારે, એને ગોમતી ન્હાયાની ઘણી ખાંતરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
તીરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરની માંહે (૨)
આ શહેરમાં એવું કોણ છેરે, જેનું શામળશા શેઠ એવું નામરે,
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
નથી બ્રહ્મણ નથી વાણીઓ, નથી ચારણ નથી ભાટ (૨)
લોક કરે છે ઠેકાડીરે, નથી શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
રહેવાને નથી ઝુંપડું, વળી જમવા નથી જુવાર (૨)
બેટો બેટી વળાવીઆંરે, મેં તો વળાવી કેરી ઘર નારરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
ગરથ મારૂં ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર (૨)
સાચું નાણું મારે શામળોરે, દોલતમાં ઝાંઝ પખાજરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

તીરથવાસી સૌ ચાલીઆ, વળી આવ્યા નગરની બહાર (૨)
વેશ લીધો વણીકનો રે, મારૂં શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
હુંડી લાવો હાથમાં, વળી આપું પૂરાં દામ (૨)
રૂપૈઆ આપું રોકડારે, મારૂં શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
હુંડી સ્વીકારી વહાલે શામળે, વળી અરજે કીધાં કામ (૨)
મહેતાજી પૂરી લખજોરે, મુજ વાણોતર સરખાં કાજરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

૫૭

પ્રભુ પાલવ પકડીને રહી છું પ્રેમથી રે,
મારા છેલ છબીલા અંતરના આધાર;
ઉભી અરજ કરે મીરાંબાઇ રામને રે—ટેક.
મારાં દાસીપનાં દુઃખ સરવે દૂર કરોરે,
શીશ નામું મારા સદગુરૂને પ્રમાણ;
ઉભી અરજ કરે મીરાંબાઇ રામનેરે—પ્રભુ પાલવ.

(સાખી)

સાસરીયામાં સુખ નહિ, મહીયરીયે નહિ માન;
સુખ દુઃખની વાતડી, ધરનું નથી કોઇ ધ્યાન;
હવે નથી રહેવું રાણાજીના રાજમાંરે;
રાણો રોષ ભરેલો કુડો કપટી રાય—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

આ સમે હરિ આવજો, વિઠ્ઠલ કરજો વા';
ગોવિંદ સાથે ગોઠડી, અબળાના આધાર;
વહાલા વસમું જાણી વેગે વહેલા આવજોરે;
નહીંતર જરૂર મારા જીવનું જોખમ થાય—ઉભી-પ્રભુ૦

(સાખી)

ઉંડે કુવે ઉતારીઆ, તરત ત્રુટાં વ્રત;
તારણ હારો તારશે, શામળીઓ સમરથ;
એવા વિવેકી વિઠ્ઠલને જાઉં વારણે રે;
ટળશે હરિજનોના અંતરના ઉચાટ—ઉભી૦-પ્રભુ૦

(સાખી)

વિશ્વાસે વળગી રહી, ત્રિકમ રાખો ટેક;
આગે હીંમત આદરી, મન ધારૂં વિવેક;
એવા ભક્તિ ભાવે ભૂદર આવો ભેટવારે;
હું તો વેચાણી છું, નાથ તમારે હાથ—ઉભી૦-પ્રભુ૦

(સાખી)

નીતિધર્મ નવ છોડીએ, જ્યાં સુધી ઘટમાં પ્રાણ;
સહેજે સમુદ્ર ઉતર્યા, જેને ભેટયા શ્યામ;
એવો પૂરણ પુરૂષોતમ પધારજોરે;
સત્ય રાખો મારા સાચા સુંદર શ્યામ—ઉભી૦-પ્રભુ૦

(સાખી)

કૃપાળુ રણછોડજી, લળી લળી લાગું પાય;
રણુ ઘેર જાવું નથી, એવો કર્યો ઠરાવ;
હવે શરણાગતની, વારે ચઢજો વિઠુલા રે;
પ્રભુ કૃપા કરીને રાખો ચરણની પાસ—ઉભી૦—પ્રભુ૦

૫૮

દીનનો દયાળ છોડી, કોને શરણ જાઉં;
કોને શરણ જાઉં, પ્રભુ, કોને શરણ જાઉં. (ટેક)
માત તાત જાણી પ્રભુ, શરણ મત્યે ધાઉં (૨)
પામીશ પ્રસાદ પૂર્ણ (૨) કૃત કૃતાર્થ થાઉં;
પ્રભુ, કૃતકૃતાર્થ થાઉં—દીનનો૦
નીતિ ભક્તિરૂપી પુણ્ય તીર્થમાં હું ન્હાઉં (૨)
પરમ ઇષ્ટ બ્રહ્મની હું (૨) સ્તુતિ ગુણ ગાઉં;
પ્રભુ, સ્તુતિ ગુણ ગાઉં—દીનનો૦
પ્રભુ કૃપાનિધાનની હું પૂર્ણ કૃપા ચહાઉં. (૨)
સંકટ સમય નાથ (૨) પલ્લવ હું સાહાઉં,
પ્રભુ, પલ્લવ હું સાહાઉં—દીનનો૦
નમી નમી પરાત્પરા, હું શરણ તારે આવું. (૨)
પ્રેમપુષ્પ અંજલી હું (૨) પ્રભુપદે વધાવું;
પ્રભુ, પ્રભુ પદે વધાવું—દીનનો૦

૫૯

અપરંપાર પ્રભુ અવગુણ મોર, માફ કરીને મુરારિ. (ટેક.)
દયા ધરમની વાત ન જાણું, અધરમનો અધિકારીરે;
પાપી પૂરો જુઠા બોલો, બહુ નિરખું પરનારીરે—અપ૦
સાધુ દુભવ્યા, બ્રાહ્મણ દુભવ્યા, ભક્ત દુભવ્યા બહુ ભારીરે,
માત પિતા બન્નેને દુભવ્યાં, ગરીબડું દીધો ગારરે—અપ૦
ભજન થયા ત્યાં નિદ્રા આવે, પરનિંદા લાગે પ્યારીરે;
મિથ્યા સુખમાં આનંદ વરતું, બહુ કરું કુચાલીઆરે—અપ૦
સંસાર સાગરમાં જળ ભરીયો, સઘળો ભરીયો ભારીરે;
તુલસીદાસ ગરીબનકી તિનતિ, અબ તો લીયોને ઉગારીરે-અપ૦

૬૦ રાગ—રેખતો.

ખલક સબરેંનકા સપના, સમજ મનકો નહીં અપના. ટેક.
કઠણ હે લોભકી ધારા, બહે સબ જાત સંસારા. ખલક૦ ૧
ઘડા જયું નીરકા ફૂટા, પતા જયું ડારસું તુટા. ખલક૦ ૨
એસી નરજાન જિંદગાની, સમજ મન ચેત અભિમાની ખલક૦ ૩
ભુલ્યો મત દેખ તન ગોરા, જગતમેં જીવના થોરા. ખલક૦ ૪
તજો મદ લોભ ચતુરાઇ, રહો નિઃસંગ જગ માંઇ ખલક૦ ૫
કુંટુંબ પરીવાર સુત દારા, ઉસી દિન હોયગા ન્યારા ખલક૦ ૬
નિકસ જબ પ્રાન જાયેગા, કોઇ નહિં કામ આયેગા. ખલક૦ ૭
સદા મત જાનો એ દેહા, લગાવો રામસેં નેહા. ખલક૦ ૮
કટેગી જન્મકી ફાંસી, કહે કબ્બીર અવિનાશી. ખલક૦ ૯

૬૧ રાગ ભજન.

પરમેશ્વરને ગોતવું.

પાણી મેં મીન પીયાસીરે, પાણી મેં મીન પીયાસીરે;
